# <u>મહે.ઝાલોદના એડી.ચીફ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઝાલોદ.</u>

ક્રિમીનલ કેસ નં.૨૭૧૫/૨૦૨૫
આંક :

ફરીયાદી :- શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપી :- મનોજકુમાર નટવરલાલ મોઢીયા
રહે.લીમડી અરૂણ દિપ સોસાયટી,તા.ઝાલોદ.

ગુનો: <u>ઈ.પી.કો. કલમ-૨૬૯,૨૭૦,૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટન કલમ-૫૧(બી) મુજબ</u>

**<u>ઠરાવ</u>**

આરોપીની પ્લી અને કેસની હકીકત વંચાણે લીધી. આરોપીએ સ્વેછાએ ગુન્હો કબુલ કરેલ છે તથા આરોપીને ગુન્હા અંગેની સમજ આપવામાં આવેલ છે અને તેમ છતાં આરોપીએ ગુન્હો કબુલ મંજુર રાખેલ છે.આમ તમામ હકીકત તથા સંજોગો લક્ષે લેતા આરોપી સામેનો ઈ.પી.કો. કલમ-૨૬૯,૨૭૦,૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટન કલમ-૫૧(બી) મુજબનો ગુનો હું પુરવાર થયેલો ગણુ છું.આરોપી તર્ફે થયેલ રજુઆત ધ્યાને લઈ તથા સજાની જોગવાઈ ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>// હુકમ //</u>**

આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૬૪ અન્વયે ઈ.પી.કો. કલમ-૨૬૯,૨૭૦,૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટન કલમ-૫૧ (બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને ગુન્હામા દોષીત ઠરાવીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા કુલ રૂા.૨,૦૦/-(અંકે રૂપિયા બસ્સો પુરા)નો દંડ અને જો દંડ ન ભરે તો દિન-૦૨ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરુ છું.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:- ૨૪/૦૩/૨૦૨૬
સ્થળ :- ઝાલોદ.

( ડો.ઈન્દ્રજીતસિંહ ભાટી)
એડી.ચીફ જયુડી મેજીસ્ટ્રેટ,ઝાલોદ.
કોડ નં.જી.જે.૦૧૩૩૪